પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ વડોદરા શહેર૩૯૦૦૦૧ .
ટેલીફોન નં-પ૬૨૦.૨૪૨૩૯૫૦,કંટ્રોલ રૂમ ફેકસ નં-પ૬૨૦.૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./હોળી-ધુળેટી જળાશય/ ૧૩૬૬ /૨૦૨૫ તારીખ: ૧૦/૦૩/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ હોળી અને તા.૧૪/૦૩/૨૦૨૫ નારોજ ધુળેટીની ઉજવણી કરવામાં આવનાર છે. વડોદરા શહેરમા કુદરતી નદી, કૃત્રિમ તળાવો, નહેર, જળાશયોમાં પાણીમાં ન્હાવા જવાથી ઇસમો ડુબી જવાની ઘટનાઓ ભુતકાળમા બનેલ છે. આગામી હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન નદીમા તેમજ તળાવોમાં ઇસમો ન્હાવા જવાથી દુર્ઘટનાઓ બને તેમ છે. જેથી આવી દુર્ઘટના ટાળવી જરૂરી જણાય છે જેથી વડોદરા શહેર વિસ્તારમાં આવા કૃત્યો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

તેથી હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**હુકમઃ-**

વડોદરા શહેરના પોલીસ કમિશ્નરની હુકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ કુદરતી નદી, કૃત્રિમ તળાવો, નહેર, જળાશયોમાં ન્હાવા કે અન્ય કામે જવા પર પ્રતિબંધ ફરમાવુ છુ.

**અમલવારીનો સમય તથા વિસ્તાર**

વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હુકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ જાહેરનામુ તારીખ.૧૩/૦૩/૨૦૨૫ ના કલાક.૦૦/૦૦ થી તારીખ.૧૪/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**-:શિક્ષાઃ-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત વડોદરા શહેરમાં લાઉડ સ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્રારા તથા જાહેર જગ્યાઓએ નકલો ચોટાડીને પ્રસિધ્ધી કરવી અને આકાશવાણી તેમજ દૂરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police
Vadodara City, Vadodara
सत्यमेव जयते

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર.

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(3) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(3) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(4) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.